હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

આઈએસઆઈએસના આતંકની વાત ન કરશો...! એનાથી વધુ ટેરર... શાકમાર્કેટમાં જઈ ડુંગળીના ભાવ સાંભળી અમે અનુભવીએ છીએ...!!

ચિલોડા પંથકમાં ચૂંટણી પ્રચારમાં ગરમાવો

વિવિધ ઉમેદવારોના ચૂંટણી કાર્યાલયો પર ટેકેદારોના જમાવડા : લવારપુરમાં મહિલાઓ દ્વારા થાળી-વેલણ વગાડી ભાજપનો વિરોધ કરાયો

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લા પંચાયતની ચિલોડા(ડ) બેઠકની ચૂંટણી માટે ભાજપ, કોંગ્રેસ તથા અપક્ષો દ્વારા જોશભેર પ્રચાર હાથ ધરાયો છે. ભાજપ અને કોંગ્રેસ ઉપરાંત અપક્ષ ઉમેદવારના ચૂંટણી કાર્યાલયો પર ટેકેદારોનો જમાવડો જોવા મળી રહ્યો છે. તથા ઉમેદવારો ડોર-ટુ ડોર પ્રચાર દ્વારા એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. લવારપુર ગામમાં પાટીદાર મહિલાઓએ ભાજપના પ્રચારકોનો થાળી-વેલણ વગાડી વિરોધ કર્યો હતો.

તાલુકાના પૂર્વ વિસ્તારની ચાર બેઠકો છાલા, ડભોડા, વલાદ તથા ચિલોડા(ડ) પર પ્રચારમાં ગરમાવો જોવા મળી રહ્યો છે. ચિલોડામાં અક્ષર કોમ્પલેક્ષ ખાતે અપક્ષ ઉમેદવાર જયંતિભાઈ પટેલ દ્વારા ચૂંટણી કાર્યાલયનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ચિલોડા, શિહોલી-મોટી, લવારપુર, ઈસનપુર મોટા, મગોડી ગામના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. રાજયમાં અનામત મુદ્દે સર્જાયેલી પરિસ્થિતિના કારણે લવારપુરની પાટીદાર મહિલાઓએ ભાજપના પ્રચારકોનો થાળી-વેલણ વગાડી વિરોધ કરતા ભાજપને પ્રથમગ્રાસે મક્ષિકાનો અનુભવ થયો હતો.

ખૂણે ખાંચરેથી...

- ગાંધીનગર મહાનગરપાલિકાની સામાન્ય સભામાં ભાજપના ૮થી પણ વધુ સભ્યોની ગેરહાજરી વર્તાઈ આવતી હતી જ્યારે મેયરે માત્ર બે સભ્યોની રજા મંજૂર કરવામાં આવી હોવાનું જણાવ્યું હતું.
- સામાન્ય સભા શરૂ થતાં પહેલાં ભાજપ-કોંગ્રેસના સભ્યોએ એકબીજા સાથે હસ્તધૂનન કરી નૂતન વર્ષની શુભકામનાઓ પાઠવી હતી.
- ગાંધીનગર શહેરમાં ઠંડીનો ચમકારો વધતાં ગરમ વસ્ત્રો ધારણ કરી ઈવનીંગ વૉક કરનારાઓની સંખ્યા વધી છે.
- ગાંધીનગરના શૈક્ષણિક જગતમાં વૅકેશનનો માહોલ હોવાથી સ્કૂલવાન પ્રચાર-અભિયાનમાં જોવા મળી રહી છે.
- ગાંધીનગર જિલ્લામાં ૨૧મી અને ૨૩મીએ ચૂંટણી ફરજ પરના કર્મચારીઓની તાલીમ યોજવામાં આવી છે.
- કલોલ પ્રાંત કચેરીમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીને લઈ કંટ્રોલ રૂમ કાર્યરત કરી દેવામાં આવ્યો છે. ૧૦થી ૬ આ કંટ્રોલ રૂમ કાર્યરત રહેશે.
- રાજ્યનાં મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલને તેમના જન્મદિનની શુભેચ્છા આપવા કલોલના ગણેશ પાર્ટી પ્લૉટમાં કાર્યકરોએ 'હૅપ્પી બર્થ-ડે ટુ યુ'નું સમૂહગાન કર્યું હતું.

કોમી એકતા સપ્તાહ અંતર્ગત

આવતીકાલે ગાંધીનગરમાં સર્વધર્મ સમભાવ મહાધ્યાન કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૨૦

સમાજમાં ભાઈચારો વધે કોમી એકતા અને સર્વધર્મ વચ્ચે સ્નેહનું વાતાવરણ સર્જાય અને સમભાવ કેળવાય તે માટે ભારત સરકાર દ્વારા તા. ૧૯ થી ૨૫ નવેમ્બર-૨૦૧૫ દરમિયાન કોમી એકતા સપ્તાહ તરીકે ઉજવવામાં આવી રહ્યું છે. જેને લઈ ગાંધીનગરમાં પણ સર્વધર્મ સમભાવ મહાધ્યાનનો કાર્યક્રમ યોજાશે.

કોમી એકતા સપ્તાહને અનુલક્ષી સમર્પણ મેડીટેશન કોર્પોરેટ ગ્રુપ અને અખીલ આંજણા કેળવણી મંડળ દ્વારા આવતીકાલ તા. ૨૨મી નવેમ્બરને રવિવારે સાંજે ૭.૦૦ થી ૭.૪૫ કલાક દરમિયાન જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલય એસ.ટી. બસ સ્ટેશન સામે સેક્ટર-૭-સી ગાંધીનગર ખાતે 'સર્વધર્મ સમભાવ મહાધ્યાન'નું આયોજન કરવામાં આવ્યું છે. તેમ આયોજકોએ જણાવ્યું છે.

રાજ્ય સરકારના નાના કર્મચારીઓના હિત માટેના નિર્ણયોને કર્મચારી મોરચાનો આવકાર

અન્ય પડતર પ્રશ્નોના નિકાલ માટે પણ સરકારનું વલણ હકારાત્મક અને સહાનુભૂતિપૂર્વકનું : રાજ્ય સંયુક્ત કર્મચારી મોરચો

ગાંધીનગર, તા. ૨૦

રાજ્ય સરકારે ફિક્સ પગારના અને નાના કર્મચારીઓના જીવન ધોરણને વધુ ઉચ્ચ સ્તરે લઈ જવાની નેમ વ્યક્ત કરી હતી જે નિર્ણયને રાજ્ય સંયુક્ત કર્મચારી મોરચાએ આવકારી અને સરકારને અભિનંદન પાઠવ્યા હતા.

રાજ્ય સરકારના કર્મચારીઓની સરકાર સાથે થોડા સમય અગાઉ બેઠક મળી હતી, જેમાં કર્મચારીઓના બનેલા સંગઠને અનેક રજૂઆતો સરકાર સમક્ષ મૂકી હતી.

આ રજૂઆતોને ધ્યાને લઈ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ દ્વારા ફિક્સ પગારના કર્મચારીઓના પગારમાં વધારો, મળવાપાત્ર રજાઓ, તબીબી સારવાર, વીમા કવચ, મુસાફરી ભથ્થું, ચાર્જ એલાઉન્સ વગેરે નિર્ણયો કર્યા છે, તે ખૂબ જ આવકાર્ય છે તેમજ કર્મચારીઓના અન્ય પડતર પ્રશ્નોના નિકાલ માટે પણ સરકારનું વલણ અત્યંત હકારાત્મક અને સહાનુભૂતિપૂર્વકનું રહેલું છે. તેને આવકારી સરકારને ગુજરાત રાજ્ય સંયુક્ત કર્મચારી મોરચાએ અભિનંદન પાઠવ્યા છે.

સામાજિક ન્યાય વિભાગના મંત્રી રમણભાઈ વોરા ગાંધીનગર જિલ્લામાં સતત ત્રણ દિવસ ચૂંટણી પ્રચારાર્થે

ગાંધીનગર, તા. ૨૦

સ્થાનિક સ્વરાજની ચૂંટણી-૨૦૧૫ અનુલક્ષીને શ્રી રમણભાઈ વોરા, મંત્રીશ્રી સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર જિલ્લાના પ્રચાર-પ્રસાર અર્થે આગામી તારીખ ૨૧-૧૧-૨૦૧૫ને શનિવારનારોજ કલોલ તાલુકાની જિલ્લા/તાલુકા પંચાયત સીટ અનેકલોલ નગરપાલિકાના વિસ્તારમાં વિવિધ અગ્રણીઓ અને પાર્ટીના કાર્યકર્તાઓ સાથે બેઠક યોજાશે અને તારીખ ૨૨-૧૧-૨૦૧૫ને રવિવારના રોજ માણસા તાલુકાની જિલ્લા/તાલુકા પંચાયત સીટ તેમજ તારીખ ૨૩-૧૧-૨૦૧૫ ને સોમવારના રોજ દહેગામ તાલુકાની જિલ્લા/તાલુકા પંચાયત સીટના વિવિધ અગ્રણીઓ તેમજ કાર્યકર્તા સાથે બેઠક યોજાશે સાથે જિલ્લા પદાધિકારીઓ તેમજ મંડળના પદાધિકારીઓ હાજર રહેશે.

સેક્ટર-૨૦માં રહેતા પ્રોફેસરના બંધ મકાનમાં તસ્કરોનો હાથફેરો

બીજા માળે બારીની ગ્રીલ તોડીને ઘુસેલા તસ્કરો દાગીના, રોકડ અને મોબાઈલ-ટેબલેટ મળી રૂ. ૩૨,૭૦૦નો મુદ્દામાલ ઉઠાવી ગયા : ત્રણ શખ્સોની ફીંગરપ્રીન્ટ મળી

ગાંધીનગર, તા.૨૦

શહેરના સેકટર-૨૦ ખાતે સરકારી મકાનમાં રહેતા સાયકોલોજી વિષયના પ્રોફેસર પરિવાર સાથે મહારાષ્ટ્ર ગયા હતા. ગઈ કાલે મોડી સાંજે ઘરે પરત ફર્યા ત્યાં સુધીમાં તેમના મકાનના બીજે માળે સ્થિત બારીની ગ્રીલ તોડીને ઘુસેલા તસ્કરો હાથફેરો કરી ગયા હતાં. મકાનમાંથી સોના ચાંદીના દાગીના, રોકડ, મોબાઈલ અને ટેબલેટ મળી રૂ. ૩૨,૭૦૦નો મુદ્દામાલ સાફ કરી તસ્કરો ફરાર થઈ ગયા હતા. સે-૨૧ પોલીસમથકમાં ફરીયાદ આપતા એફએસએલ-ડોગ સ્કવોર્ડ સાથે પોલીસ બનાવ સ્થળે પહોંચી ગઈ હતી. નોંધનીય છે કે મકાનમાં ઘુસેલા ત્રણ ઘરફોડીયાઓની ફિંગરપ્રિન્ટ મળી આવી છે તેને આધારે પણ તપાસ શરુ કરવામાં આવી છે.

શહેરની સેકટર-૧૫ ખાતે સ્થિત સરકારી આર્ટસ કોલેજમાં ફરજ બજાવતા સાયકોલોજીના પ્રોફેસર સેકટર-૨૦, જી-૧ ટાઈપ, બ્લોક નં. ૧/૪ ખાતે રહે છે. વેકેશનને પગલે પ્રોફેસર રશીકગીરી રામાગીરી મેઘનાથી ૧૦ નવેમ્બરે સવારે સાડા સાત વાગ્યે મકાનને તાળુ મારીને પરિવાર સાથે મહારાષ્ટ્ર જવા નીકળી ગયા હતા. ગઈ કાલે મોડી સાંજે તેઓ મહારાષ્ટ્રથી ઘરે પરત ફર્યા અને જોયું તો બીજા માળની બારીની ગ્રીલ તુટેલી હતી અને મકાનમાં સામાન વેરવિખેર પડયો હતો. મકાન બંધ રહ્યું તે સમયગાળા દરમિયાન તસ્કરો બારીની ગ્રીલ તોડીને અંદરથી ચાંદીના બે સિક્કા, રૂ. ૧૨ હજાર રોકડા, સોનાના દાગીના, ટેબલેટ અને મોબાઈલ મળીને કુલ રૂ. ૩૨,૭૦૦ની માલમત્તાની ચોરી કરી સરકી ગયા હતા. ઘટનાની જાણ પોલીસને કરતાં સે-૨૧ પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો નોંધી પીએસઆઈ બી.જી. યાદવે ગુનાની તપાસ શરુ કરી છે. ફિંગરપ્રિન્ટ નિષ્ણાત, ડૉગ સ્કવોર્ડ અને એફએસએલની ટીમને બોલાવી પોલીસે વૈજ્ઞાનિક ઢબે તપાસ શરુ કરી છે. મકાનમાં કિંમતી મુદ્દામાલની તલાશમાં આમતેમ ફરેલા ત્રણ શખ્સના ફિંગરપ્રીન્ટ પણ મળી આવ્યા છે. પોલીસે તે દિશામાં પણ તપાસ શરુ કરી છે.

એશિયા અને યુરોપના દેશોનો ઉત્તમ સહયોગ ઈચ્છતી

આઈજીબીસીની ૧૩મી ગ્રીન બિલ્ડીંગ કોંગ્રેસ-૨૦૧૫

(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૨૦

ઈન્ડિયન ગ્રીન બિલ્ડીંગ કાઉન્સિલ (આઈજીબીસી) દ્વારા આયોજીત ૧૩મી ગ્રીન બિલ્ડીંગ કોંગ્રેસ-૨૦૧૫ કોન્ફરન્સના બીજા દિવસે યુરોપ અને એશિયાના ઈન્ટરનેશનલ પેનલીસ્ટ સાથે વિચારોનું આદાનપ્રદાન કરાયું હતું અને સોલર ટેકનોલોજીઝ, વૉટર ટેકનોલોજીસ, બિલ્ડીંગ કન્ટ્રોલ્સ, ઈનસ્ટ્રુમેન્ટેશન વગેરેની નવતર પ્રકારની ટેકનોલોજીસ અંગે નિદર્શન કરાયું હતું. ભારત સરકારના વિદેશ વિભાગના શ્રી એમ વેંકટરમણમે કહ્યું કે એએસઈએમ (એશિયા યુરોપ મિટીંગ) ની પહેલનો ઉદ્દેશ એશિયા અને યુરોપના દેશો સાથે કડીઓ જોડવાનો તથા સંબંધો વિકસાવવાનો છે. તેમણે વધુમાં જણાવ્યું કે "બિઝનેસની કડીઓ જોડવા માટે પર્યાવરણ અને ગ્રીન બિલ્ડીંગ્સ ક્ષેત્રે ઉત્તમ તકો છે. આવી પહેલને સહયોગ આપતાં અમને આનંદ થશે." આઈજીબીસીના ચેરમેન શ્રી પ્રેમ જૈને જણાવ્યું કે "ગ્રીન બિલ્ડીંગ્સ અંગે વિવિધ દેશો અને ખાસ કરીને એશિયાના દેશો સાથે સંબંધો વિકસે તે ખૂબ જ મહત્વું છે. આઈજીબીસીનો અંદાજ છે કે ભારત ગ્રીન બિલ્ડીંગ પ્રોડકટસ, ટેકનોલોજીસ અને સર્વિસીસના ક્ષેત્રે વર્ષ ૨૦૨૫ સુધીમાં ૩૦૦ અબજ યુએસડોલરની ક્ષમતા ધરાવે છે."

ગ્રીનન બિલ્ડીંગ કાઉન્સિલ ઓફ શ્રીલંકાના એક્ઝિક્યુટિવ વાઈસ ચેરમેન પ્રો. રંજીત દિશાનાયકે જણાવ્યું કે "શ્રીલંકા વ્યાપક બજાર ધરાવે છે અને એ હાંસલ કરવા માટે કામગીરી થાય તે જરૂરી છે. અમે શ્રીલંકામાં ગ્રીન બિલ્ડીંગ પ્રોગ્રામ અંગે તાલિમ કાર્યક્રમો યોજીએ છીએ અને ગ્રીન બિલ્ડીંગ્સ અને તેની રેટીંગ સિસ્ટમ અંગે કાર્યક્રમો અંગે વિચારો અને સૂચનો માટે ખુલ્લુ મન ધરાવીએ છીએ" એએસએફ ઈન્ટરનેશનલ ફ્રાન્સના લુડવીક જોનાર્ડ અને રેનોલ્ટ ફ્રાન્સના જીન ગ્રેબરેટે ભારતના વિદેશ મંત્રાલય દ્વારા હાથ ધરાયેલા પ્રયાસોને બિરદાવતાં કહ્યું કે ફ્રાન્સ આ ક્ષેત્રે સક્રિય ભાગીદારી માટે ખુલ્લુ મન ધરાવે છે. અંડરરાઈટર્સ લેબોરેટરીઝ વાઈસ પ્રેસીડેન્ટ અને ટેકનિકલ એડવાઈઝર ડો. મેરીલીન એસ બ્લેકે ભારપૂર્વક જણાવ્યું કે "ગ્રીન બિલ્ડીંગ્સમાં અંદરની હવાની ગુણવત્તા અને તેમાં બીઓસી (બાયો-ઓર્ગેનિક કોમ્પોનન્ટસનાં ધોરણો અંગે વિશેષપણે ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે."

૬ મહાનગર પાલિકાઓમાં પ્રચાર પડઘમ શાંત થયા

ગાંધીનગર, તા. ૨૦

રાજ્યની ૬ મહાનગર પાલિકાની ચૂંટણીઓ માટે આજ સાંજથી ચૂંટણી પ્રચાર પડઘમ શાંત પડવા પામ્યા છે. જ્યારે ૨૨મીએ યોજાનારી આ ચૂંટણી માટે રાજ્ય ચૂંટણી પંચ દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે.

રાજ્યની અમદાવાદ સહીત ૬ મહાનગરપાલિકાઓની ચૂંટણીઓ ૨૨મી નવેમ્બરના રોજ યોજાનારી છે. ચૂંટણી આડે અડતાલીસ કલાક બાકી હોઈ આજે ચૂંટણી પ્રચારનો અંતિમ દિન હોઈ સાંજથી ચૂંટણી પ્રચાર પડઘમ શાંત પડવા પામ્યા છે.

ચૂંટણી પ્રચારના અંતિમ દિને ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારોએ આજે પોતાના વોર્ડોમાં રેલીઓ કાઢીને મતદારોને સંપર્ક સાધીને છેલ્લી ઘડીના પ્રયાસરૂપે ચૂંટણી પ્રચાર કર્યો હતો.

૬ મહાનગરપાલિકાની ૨૨મીએ યોજાનારી ચૂંટણીઓ માટે રાજ્ય ચૂંટણી પંચ દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે.

ઠંડીમાં ધ્રુજતા જરૂરિયાતમંદોને હૂંફ માટે સહયોગ આપવા અપીલ

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ, સદ્‌વિચાર પરિવાર તથા અરૂણોદય સેવા ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે ગરીબ વિદ્યાર્થીઓ અને શ્રમિકોને ગરમ વસ્ત્રો, ધાબળા, ગોદડી વગેરેના વિનામૂલ્ય વિતરણ સેવાયજ્ઞ માટે આર્થિક સહયોગ આપવા હાકલ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા સદ્‌વિચાર પરિવાર તથા અરૂણોદય સેવા ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે આવનારા શિયાળાના દિવસોમાં કાતિલ ઠંડી સામે ગરીબ-જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ, શ્રમજીવીઓ વગેરેને ગરમ વસ્ત્રો, ધાબળા, ગોદડી વગેરેનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવશે. આ સેવાકાર્ય વર્ષ ૧૯૯૧થી નિયમિત કરવામાં આવી રહ્યું છે. મજૂરો તથા આદિવાસી વિસ્તારના વિદ્યાર્થીઓને આવરી લઈ ૧૯૯૪થી અત્યાર સુધીમાં ૧,૫૫,૦૦૦ જરૂરિયાતમંદોને આ પ્રકારની સહાય પુરી પાડવામાં આવી ચુકી છે.

આ વર્ષે પણ વસાહત મહામંડળ, સદ્‌વિચાર પરિવાર તથા અરૂણોદય ટ્રસ્ટ દ્વારા આ સેવાયજ્ઞ આરંભેલ છે જે માટે સેવાભાવી નગરજનો સમક્ષ આર્થિક સહયોગ માટે અપીલ કરવામાં આવી છે. જે નગરજનો આ સેવાયજ્ઞમાં આર્થિક સહકાર આપવા ઉત્સુક હોય તેમણે તા. ૩૧મી ડીસેમ્બર સુધીમાં તેમનો સહયોગ પહોંચાડી દેવા અનુરોધ કરવામાં આવ્યો છે. આ સહયોગ પહોંચાડવા અત્રે આપેલ કાર્યકર્તાઓનો સંપર્ક સાધવા જણાવાયું છે.

શ્રી અરૂણભાઈ બુચ - પ્રમુખ - શહેર વસાહત મહામંડળ, ગાંધીનગર - સે. ૨૦, ફોન નં. ૨૩૨-૬૦૩૭૦, મો. નં. ૯૮૨૫૦૧૮૧૩૪, શ્રી કિશોરભાઈ દવે - સે. ૧, ફોન નં. ૨૩૨-૨૪૩૩૯, શ્રી એલ.ટી. ઓઝા - સે. ૩-બી - મો. નં. ૯૭૨૩૨૩૫૯૨૯, શ્રીમતી કૈલાસબેન જોષી - સે. ૩ - ફોન નં. ૨૩૨-૩૨૫૭૧, શ્રી કશ્યપભાઈ મહેતા - સે. ૪-એ, ફોન નં. ૨૩૨-૩૬૩૩૦, શ્રી શશિકાંત મોઢા - સે. ૪-એ - ૨૩૨-૩૧૭૬૬, મો. નં. ૯૪૨૬૮-૭૧૮૯૨, શ્રી આર.એચ. ધામેચા - સે. ૪-સી, મો. નં. ૯૮૨૪૪૧૬૦૦૨, શ્રી નિલેન્દુ વોરા, સે. ૫-એ, મો. નં. ૯૪૨૭૮-૦૧૪૦૩, શ્રી જયેશભાઈ ધ્રુવ - સે. ૫-એ, મો. નં. ૯૮૨૫૩-૯૮૩૩૮, શ્રી અમરિષ ઓઝા - સે. ૬, ફોન નં. ૨૩૨-૨૭૯૩૮, શ્રી મયુરભાઈ વ્યાસ - સે. ૭-ડી, ૨૩૨ - ૨૫૩૮૦, શ્રી ચંદ્રકાંત જોષી - સે. ૭-એ, ૨૩૨-૨૮૪૬૪, શ્રી બી.એ. શુકલ - સે. ૮, ૨૩૨-૨૬૨૭૫, શ્રી ચંદુજી ઠાકોર (ફતેપુરા) - સે. ૧૫, ૯૯૭૯૫-૦૭૫૭૬, શ્રી રેવાભાઈ પરમાર - સે. ૧૫, ૨૩૨-૩૭૯૩૫, શ્રી સી.જી. કાંસવા - સે. ૨૨, ૯૭૧૪૭-૨૬૮૪૬, શ્રી સી.પી. સોની - સે. ૨૧, ૨૩૨-૨૧૮૩૫, શ્રી સી.ડી. ધનેશ્વર - સે. ૨૨, ૨૩૨-૨૫૩૫૭, શ્રી ઉદયભાઈ ત્રિવેદી - કોલવડા, ૯૯૨૪૫-૧૫૬૪૯, શ્રીમતી લત્તાબેન ચોકસી - સે. ૨૩, ૨૩૨-૨૦૧૬૦, શ્રી સુધીરભાઈ દેસાઈ - સે. ૨૩, ૨૩૨-૨૫૨૯૭, શ્રી જનકભાઈ રાવલ - સે. ૨૭ - ૨૩૨-૪૭૫૦૩, શ્રી એસ.ડી. પરમાર - સે. ૨૭, ૨૩૨-૪૮૪૮૫, શ્રી કે.પી. પરમાર - સે. ૨૭, ૯૯૨૫૭-૮૯૪૦૬, શ્રી નિસર્ગ બુચ - સે. ૨૮, ૭૮૭૪૪૦૭૩૫૬, શ્રી દિનેશસિંહ ચાવડા - સે. ૨૮, ૨૩૨-૧૧૩૨૨, શ્રી નવલસિંહ પરમાર - સે. ૨૯, ૯૮૨૪૮૫૦૩૨૪, શ્રી ભાલચંદ્ર શુકલ - સે. ૩૦, ૨૩૨-૬૦૫૪૩, શ્રી કિશોરભાઈ જીકાદરા - સે. ૩૦, ૯૮૭૯૪૭૫૧૩૦, શ્રી ભરતભાઈ દિક્ષિત - બોરીજ - ૯૪૨૭૩૩૫૩૯૪, શ્રી ભુપેન્દ્રભાઈ બોંકર, પ્રમુખ - સદ્‌વિચાર પરિવાર

શ્રી પી.કે. લહેરી, શ્રી કે.આર. સીંગ, શ્રી પ્રફુલભાઈ અધવર્યુ, શ્રી માણેકલાલ પટેલ - ૨૬૮૬૦૧૯૭, ૨૬૮૬૨૧૮૯.

ભાજપ સરકાર અત્યાર સુધીની સૌથી નબળી સરકાર : ભરતસિંહ

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાતની વર્તમાન ભાજપ સરકાર અત્યાર સુધીની સૌથી ભ્રષ્ટ સરકાર હોવાનો આક્ષેપ કરતાં પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ ભરતસિંહ સોલંકીએ ગુજરાતની મહાપાલિકા વિસ્તારની પ્રજાને ચૂંટણીમાં ભારે મતદાન કરીને ભાજપને જાકારો આપવા અને કોંગ્રેસને આશીર્વાદ આપી તક આપવા અપીલ કરી હતી.

ભાજપ સરકાર ઉપર આકરા પ્રહારો કરતા એક પત્રકાર પરિષદમાં પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ ભરતસિંહ સોલંકીએ ભાજપ સરકાર ઉપર આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે કોંગ્રેસના શાસનમાં કોંગ્રેસે જે અસ્કયાતમો ઉભી કરીને પ્રજાને આપી હતી તે અસ્કાયમતો ભાજપે સત્તા પર આવ્યા બાદ અમુક મુડીપતિઓને વેચી મારી છે.

ભાજપના શાસનમાં મોંઘવારીએ માજા મુકી હોવાનો આક્ષેપ કરતાં તેમણે જણાવ્યું હતું કે પેટ્રોલ પર સૌથી વધુ વેટ રાજ્ય સરકારે નાંખીને મોંઘુ પેટ્રોલ પ્રજાને આપવામાં આવી રહ્યું છે. ભાજપ દ્વારા વિકાસના જે દાવાઓ કરવામાં આવે છે તે પોકળ સાબીત થયા છે. રાજ્યનો વિકાસ નથી થયો પરંતુ અમુક મુડીપતિઓનો જ વિકાસ થયો છે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભારે મતદાન કરીને ભાજપને જાકારો આપવા માટે પ્રજાને અપીલ કરતાં તેમણે જણાવ્યું હતું કે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી એ મીની ગુજરાતની ચૂંટણી છે. જેમાં પ્રજા કોંગ્રેસને આશીર્વાદ આપે તેવી આશા વ્યક્ત કરી હતી.

પ્રદેશ કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ સિદ્ધાર્થ પટેલે જણાવ્યું હતું કે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં જાહેર હીતનું ભ્રષ્ટાચાર રહીત અને સુખાકારીમાં વધારો કરનારૂ શાસન આપવા માટે કોંગ્રેસ કટીબદ્ધ છે.

શહેરી વિસ્તારોમાં આરોગ્ય સેવાઓ શિક્ષણ વાહનવ્યવહારની સેવાઓને વધુ સુદૃઢ અને ગુણવત્તાવાળુ બનાવવા માટેના પ્રયાસ કોંગ્રેસ કરશે. આથી કોંગ્રેસને એક તક આપવા તેમણે પ્રજાને અપીલ કરી હતી.

અંતમાં તેમણે જણાવ્યું હતું કે ચૂંટણીઓ પહેલા જ ભાજપે હાર સ્વીકારી લીધી હોઈ તેવું ભાજપના પ્રચાર પરથી દેખાઈ રહ્યું છે.

ચૂંટણીમાં ભાજપને જાકારો આપવા પ્રજાને કોંગ્રેસની અપીલ